**સમાજ કલ્યાણ કચેરીના સ્ટાફની મનમાનીથી અરજદારોમાં ભારે રોષ**

## ગોધરા બહુમાળી ભવન ખાતે દાખલા માટે આવતા વિદ્યાર્થીઓ-વાલીઓ પરેશાન

એડમિશનના સમયે જ દાખલા કાઢવામાં તંત્રના ધાંધિયા,

પૂરતા ડોક્યુમેન્ટ હોવા છતાં બિનજરૂરી કાગળો માંગી ધરમધક્કા ખવડાવાતા હોવાની વ્યાપક રાવ



(પ્રતિનિધિ) ગોધરા, તા.26
ગોધરાના બહુમાળી ભવનમાં આવેલી સમાજ કલ્યાણ કચેરીમાં જાતિના દાખલા મેળવવા આવતા ગરીબ અને શ્રમિક વર્ગના અરજદારોને કચેરીના સ્ટાફની મનમાનીને કારણે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. હાલમાં ધોરણ ૧૦ અને ૧૨ના પરિણામો બાદ એડમિશન પ્રક્રિયા શરૂ થવાની તૈયારીમાં છે ત્યારે કચેરીના કર્મચારીઓ દ્વારા અરજદારોને યોગ્ય માર્ગદર્શન આપવાના બદલે માનસિક ત્રાસ અને હેરાનગતિ કરવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠી છે. દૂર-દૂરના ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા અનેક વાલીઓ અભણ કે ઓછું ભણેલા હોય છે. કચેરીમાં આવ્યા બાદ કયું કામ ક્યાં થશે તે અંગે કોઈ યોગ્ય માર્ગદર્શન ન મળતા તેઓ ઓફિસો શોધવામાં જ અટવાઈ જાય છે. ઘણીવાર અરજદારો ATVT સેન્ટરની લાંબી લાઈનોમાં કલાકો સુધી ઉભા રહે છે અને જ્યારે તેમનો વારો આવે ત્યારે તેમને સિક્કો કરાવી લાવો તેમ કહીને પાછા કાઢવામાં આવે છે. આ સિક્કો કરાવવા તેઓ ફરી બહુમાળી ભવનની કચેરીમાં જાય છે ત્યારે ત્યાં બેઠેલા કર્મચારીઓ દ્વારા તેમને સંતોષકારક જવાબ આપવાના બદલે ડોક્યુમેન્ટ નથી તેમ કહી પરત મોકલી દેવામાં આવે છે. અરજદાર પાસે સરકાર માન્ય પૂરતા દસ્તાવેજો હોવા છતાં મનસ્વી રીતે વધારાના અને બિનજરૂરી ડોક્યુમેન્ટની માંગણી કરવામાં આવે છે. ગામડાંથી આવતા શ્રમિક અને ખેડૂત વર્ગના માણસો પોતાની એક દિવસની રોજગારી ગુમાવીને કાળઝાળ ગરમીમાં દાખલા માટે આવે છે. સ્ટેમ્પ, એફિડેવિટ, ફોર્મ અને આવવા-જવાના ભાડા પાછળ એક ગરીબ અરજદારને આશરે ૧૦૦૦ થી ૧૫૦૦ રૂપિયા જેટલો મોટો ખર્ચ થતો હોય છે. પૂરતા કાગળો છતાં સ્ટાફની મનમાનીથી ફોર્મ સ્વીકારવાની ના પાડવામાં આવતા ગરીબ પરિવારો પર આર્થિક બોજ પડે છે અને વાલીઓ તથા વિદ્યાર્થીઓનો મહામૂલો સમય વેડફાઈ રહ્યો છે.

જો સમયસર જાતિના દાખલા ન મળે તો તેજસ્વી પરંતુ ગરીબ વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસમાં અનામતના લાભ અને એડમિશનથી વંચિત રહી જાય તેવો મોટો ભય ઊભો થયો છે.

**કાલોલ પોલીસની મોટી સફળતા**

## સજા વોરંટના બે નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડતી પોલીસ

(પ્રતિનિધિ) કાલોલ, તા.26
પંચમહાલ જિલ્લાના કાલોલ પોલીસ સ્ટેશનના સ્ટાફે એક સંયુક્ત ઓપરેશન દરમિયાન હાલોલ કોર્ટ દ્વારા સજા ફટકારવામાં આવી હોય તેવા બે વોરંટના આરોપીઓને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા જિલ્લામાં વોરંટના આરોપીઓને પકડવા માટે ખાસ સૂચના આપવામાં આવી હતી. જેના આધારે કાલોલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી.ભરવાડ તથા સર્વેલન્સ પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન ખાનગી બાતમીદારો અને હ્યુમન ટેકનીકલ સોર્સીસ તરફથી મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી





બે આરોપીઓને ઝડપી લીધા હતાઃ
1. હિતેન્દ્રભાઇ નરવતભાઇ બારીઆ (રહે. ઉતરેડીયા, તા. કાલોલ, જી. પંચમહાલ) ગુનોઃ નામદાર એડી.ચીફ.જ્યુ. મેજી સા.શ્રીની કોર્ટ હાલોલના ક્રિમીનલ કેસ નં. ૮૯૧/૨૪ ના કામે 'ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ - ૧૩૮' (ચેક બાઉન્સ) હેઠળના ગુનામાં એક વર્ષની સાદી કેદની સજા થયેલ હતી. તે પોતાના ઘરે હાજર હોવાની બાતમી મળતા તેને પકડી પાડવામાં આવ્યો હતો.
2. લાખાજી ગમાજી વણઝારા (રહે. ગોળીબાર, તા. કાલોલ, જી. પંચમહાલ) ગુનોઃ નામદાર એડી.ચીફ.જ્યુ.મેજી સા.શ્રીની કોર્ટ હાલોલના ક્રિમીનલ કેસ નં. ૬૮/૨૫ ના કામે 'ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ - ૧૩૮' હેઠળના ગુનામાં એક વર્ષની સાદી કેદની સજા થયેલ હતી.

## ફતેપુરામાં કબ્રસ્તાન સામે ગેરકાયદે ડમ્પિંગ યાર્ડ હટાવવા મામલતદાર અને ટીડીઓને આવેદનપત્ર

મુસાફરો,સરકારી કર્મચારીઓ અને શાળાના વિદ્યાર્થીઓને આ નરકાગારમાંથી પસાર થવું પડે છે



(પ્રતિનિધિ) સુખસર, તા.26
ફતેપુરા નગરમાં મુસ્લિમ ઘાંચી સમાજના કબરસ્તાન અને તળાવની જમીન પર ચાલી રહેલા ગેરકાયદે ડમ્પિંગ યાર્ડના કારણે સ્થાનિકો અને રાહદારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ જનહિતના પ્રશ્ન અંગે મુસલમાન ઘાંચી સમાજ પંચ અને મુસલમાન વક્ફ ટ્રસ્ટ દ્વારા ફતેપુરાના મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી (TDO)ને આવેદનપત્ર પાઠવી તાકીદે આ સ્થળ બદલવા રજૂઆત કરવામાં આવી છે. ધાર્મિક લાગણી દુભાઈ નહીં અને જાહેર આરોગ્ય જોખમમાં મુકાઈ નહીં તે માટે આવેદનપત્ર આપવામાં આવ્યું છે. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ ફતેપુરા,કરોડીયાપૂર્વ અને કાળીયા વલુંડા ગ્રામ પંચાયત દ્વારા તળાવની જમીન પર આડેધડ કચરો અને મરેલા પશુઓ નાખવામાં આવે છે.જેના કારણે ફેલાતી અસહ્ય દુર્ગંધ અને ઉડતા કચરાથી કબરસ્તાનની પવિત્રતા જોખમાઈ રહી છે.અને મુસ્લિમ સમાજની ધાર્મિક લાગણી દુભાઈ રહી છે.આ ડમ્પિંગ યાર્ડની બાજુમાંથી જ સિવિલ કોર્ટ,વીજ કચેરી અને સરકારી વિજ્ઞાન શાળા તરફ જતો મુખ્ય બાયપાસ રોડ પસાર થાય છે. રસ્તા પર જ કચરો ઠાલવવામાં આવતો હોવાથી રોજ હજારો મુસાફરો,સરકારી કર્મચારીઓ અને શાળાના વિદ્યાર્થીઓને આ નરકાગારમાંથી પસાર થવું પડે છે. કાયદાનું ઉલ્લંઘન અને વચગાળાના ઉકેલની માગ સરકારી નિયમો અનુસાર તળાવની જમીનનો અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ થઈ શકતો નથી.છતાં અહીં ગેરકાયદે ડમ્પિંગ યાર્ડ બનાવી નિયમોનું ઉલ્લંઘન કરાયું છે.

**કાલોલમાં MGVCL દ્વારા પ્રિમોન્સૂન કામગીરી**

## શહેરમાં વીજલાઈન મેન્ટેનન્સ માટે ડાળીઓ કાપી વાયર ખુલ્લા કરાયા

(પ્રતિનિધિ) કાલોલ, તા.26
કાલોલ શહેર સહિત સમગ્ર તાલુકામાં ચોમાસા પૂર્વે વીજ પુરવઠો ખોરવાય નહીં તે માટે કાલોલ MGVCL દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે આ કામગીરીના ભાગરૂપે મંગળવારે કાલોલ અર્બન વિસ્તારમાં શટડાઉન લઈ લાઈન મેન્ટેનન્સની કામગીરી હાથ ધરાઈ હતી જ્યાં MGVCL ની ટીમો દ્વારા શહેરી વિસ્તારની HT અને LT લાઈનો પર વૃક્ષોની ડાળીઓ અડી જવાથી સર્જાતા ફોલ્ટને અટકાવવા માટે ડાળીઓ કાપી વાયર ખુલ્લા કરવાની કામગીરી કરવામાં આવી હતી અને આ ઉપરાંત ઢીલા થયેલા વાયર ટાઈટ કરવા, ક્ષતિગ્રસ્ત ઈન્સ્યુલેટર બદલવા અને થાંભલાની મરામત જેવા કામો પણ હાથ ધરાયા હતા જેને પગલે ચોમાસામાં ભારે પવન અને વરસાદમાં વૃક્ષોની ડાળીઓ વીજ વાયરને અડવાથી ટ્રીપિંગ અને વીજ વિક્ષેપના બનાવો બને છે. આવા ફોલ્ટ નિવારવા દર વર્ષે ચોમાસા પહેલા આ પ્રકારની મેન્ટેનન્સ કામગીરી કરવામાં આવે છે ત્યારે શટડાઉનના કારણે અર્બન વિસ્તારના કેટલાક ભાગોમાં સવારે નવથી બપોરના પોણા ચાર વાગ્યા સુધી વીજ પુરવઠો બંધ રહેતા સ્થાનિક રહીશો ઉનાળાની કાળઝાળ ગરમીમાં પરસેવાથી રેબઝેબ થઈ ગયા હતા જ્યાં આગામી દિવસોમાં તબક્કાવાર અન્ય વિસ્તારોમાં પણ મેન્ટેનન્સ કામગીરી હાથ ધરાશે. જેને લઈ ચોમાસામાં વીજ ફોલ્ટનું પ્રમાણ ઘટશે અને અવિરત વીજળી મળશે.

**પાવાગઢ તળેટી ખાતે આવેલા સત્ય વિજય હનુમાનજી મંદિરનો મહિમા**

## રામ ટેકરી ખાતે સંત શિરોમણી ગોપાલદાસજી મહારાજનો કઠોર નવ દિવસીય તપ યજ્ઞ પૂર્ણ



(પ્રતિનિધિ) હાલોલ, તા.26
સત્ય વિજય હનુમાનજી મંદિર ખાતે રોજ બપોરે ત્રણ કલાકની તપસ્ચર્યા કરી રહ્યા હતા સત્ય વિજય હનુમાનજી મંદિર રામટેકરી આશ્રમમાં આખા પુરુષોત્તમ માસમાં નવ દિવસ કઠોર તપસ્ચર્યા કરી આધ્યાત્મિક શક્તિ અને સંયમ નો અનોખો સંગમ જોવા મળ્યો હતો વિશ્વ શાંતિ માટે ના ઉમદા હેતુથી તડકામાં તપશ્ચર્યા કરી રહ્યા હતા ત્યારે બાપુની ચારે બાજુ અગ્નિની 27 ધૂણી પ્રગટાવવામાં આવી હતી સ્થિત પ્રજ્ઞ અવસ્થામાં બેસી મન અને શરીર પર અદભુત નિયંત્રણ જોવા મળ્યું હતું આ અગ્નિ સાધનામાં મહંત ગોપાલદાસજી મહારાજે ધમધકતા તડકા અને અસલી ગરમીની વચ્ચે ચારેય તરફથી પવિત્ર અગ્નિ પ્રગટાવીને સતત નવ દિવસ સુધી કઠોર તપસ્યા કરી સનાતન ધર્મની આ પ્રાચીન અને કઠિન તપ પદ્ધતિને ઉજાગર કરી હતી.

આ દરમિયાન આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા . નવ દિવસ સુધી ચાલેલ આ દિવ્ય અનુષ્ઠાન દરમ્યાન રામટેકરી પરિસરમાં ભક્તિમય મહોલ પ્રસરી ગયો હતો ભક્તો એ આ કઠોળ ધૂણી તપસ્યાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી ત્યારે આજે ગંગા દશેરાના દિવસે ધુણી તપસ્યાના નવમા દિવસે ગૌ પૂજા અને 51 કન્યાઓનું પૂજન કથા અને સત્સંગ સંત મહામંડલેશ્વર દ્વારા મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું . અનુષ્ઠાનની પૂર્ણાહુતિ બાલકૃષ્ણ મહારાજના હસ્તે કરવામાં આવી હતી આ પ્રસંગે પૂજનમાં જાહેર જનતા તેમજ પધારેલા તમામ ભક્તોને મહાપ્રસાદી નો લાભ લીધો હતો.

**કાલોલ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં વહીવટી તંત્રની લાલિયાવાડી**

## અરજદારોને સવારે 9 વાગ્યે બોલાવી DDO પોતે જ કાર્યક્રમમાં 11 વાગ્યે આવ્યા

(પ્રતિનિધિ) કાલોલ, તા.26
કાલોલ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં અધિકારીઓની મનસ્વી નીતિ અને સમયપાલનનો સદંતર અભાવ જોવા મળતાં અરજદારોમાં ભારે રોષ ફેલાયો છે.માત્ર ફોન પર જાણ, કોઈ લેખિત કાગળ નહીં મળતી માહિતી મુજબ, આ કાર્યક્રમમાં હાજર રહેવા માટે અરજદારોને માત્ર એક દિવસ અગાઉ ફોન દ્વારા જાણ કરવામાં આવી હતી. નિયમ મુજબ અરજદારોને યોગ્ય અને સમયસર લેખિત જાણ કરવાની જગ્યાએ માત્ર ટેલિફોનિક વરદી આપી દેવામાં આવી હતી, જેના કારણે અરજદારો પણ મૂંઝવણમાં મુકાયા હતા.અધિકારીઓ એસી ચેમ્બરમાં, જનતા રામ ભરોસે સૌથી ચોંકાવનારી બાબત એ રહી કે અરજદારોને સવારે ૯:૦૦ કલાકે હાજર થઈ જવા માટે તાકીદ કરવામાં આવી હતી. પોતાના પ્રશ્નોના નિકાલની આશાએ દૂર-દૂરના ગામડાઓમાંથી ગરીબ અને મધ્યમ વર્ગના અરજદારો સમયસર સવારે ૯ વાગ્યે આવીને બેસી ગયા હતા. પરંતુ, પંચમહાલ જિલ્લા વિકાસ અધિકારી (DDO) પોતે નિયત સમય કરતાં બે કલાક મોડા એટલે કે સવારે ૧૧:૦૦ વાગ્યે કાર્યક્રમ સ્થળે પધાર્યા હતા. જેને પરિણામે ૨ કલાક સુધી અરજદારો ટળવળ્યા હતા કાળઝાળ ગરમી અને અસુવિધાઓ વચ્ચે અરજદારો બે કલાક સુધી માત્ર અધિકારીની રાહ જોઈને બેસી રહ્યા હતા. વહીવટી વડા જ જો સમયસર ન આવે, તો પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ કેવી રીતે આવશે તેવા સવાલો લોકો ઉઠાવી રહ્યા છે.લોકો હવે એ સવાલ પૂછી રહ્યા છે કે, ₹શું નિયમો માત્ર જનતા માટે જ છે? બે કલાક મોડા આવતા અધિકારીઓ સામે કોઈ પગલાં લેવાશે ખરા?₹આ જ કાર્યક્રમ અંતર્ગત ૧૬ પ્રશ્નો રજુ કરવામાં આવ્યા હતા જે પૈકી ૯ પ્રશ્નો વેજલપુર વિસ્તારના અને વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલા ગેરકાયદેસર એકતા બજાર શોપિંગ સેન્ટર કે જેની જમીન અરજદાર સઈદ ઈબ્રાહિમ કાલુ ના વડીલોએ ધર્મશાળા બનાવવા દાનમાં આપી હતી પરંતુ ગ્રામ પંચાયતે શોપિંગ સેન્ટર બનાવી દીધેલ છે, ગ્રામ પંચાયત પાસે બનાવેલ ચંદન શોપિંગ સેન્ટર કે જેમાં નાળું બંધ કરી બનાવવામાં આવ્યુ છે તે શોપિંગ સેન્ટર દૂર કરવા બાબતે અને જોડીયા કુવા ગામની ગૌચરની જમીન પરના મંજૂરી વગર સરપંચ પતી દ્વારા કરાયેલા ગેરકાયદેસર બાંધકામો હટાવવા અંગે સઈદ ઈબ્રાહિમ કાલુ એ મુખ્યમંત્રી સુધી રજુઆતો કરી છે જે પ્રશ્નો ચર્ચામાં આવ્યા હતા.

## મધ્ય ગુજરાત વીજ કંપનીની અલગ ઓફિસ સિંગવડ ખાતે ફાળવવા માંગ

(પ્રતિનિધિ) સિંગવડ, તા.26
સિંગવડ તાલુકો બન્યો ને આઠ વર્ષ ઉપર થવા આવ્યા છે તો આજ દિન સુધી મધ્ય ગુજરાત વીજ કંપનીની ઓફિસ સિંગવડ તાલુકા ખાતે આપવામાં નથી આવી જેના ભોગ વીજ ગ્રાહકોને ભોગવો પડે છે જ્યારે પણ કોઈ પણ વીજળીને લગતા કામો હોય જેવા કે વીજ બિલ ભરવા તથા નવું વીજ કનેક્શન લેવા કે પછી કોઈપણ વીજળીને લગતા કામો માટે હજુ પણ લીમખેડા તાલુકાની વીજળી ઓફિસનો સહારો લેવા મજબૂર થવું પડે છે મધ્ય ગુજરાત વીજ કંપની નવી ઓફિસ કાર્યરત કરવી પડે જ્યારે સિંગવડ તાલુકાના મેથાણ તારમી છાપરી વાલાગોટા મોટા આંબલીયા અનુપુરા સુડીયા જેવા દૂર દૂર ના ગામોના લોકોને વીજળીના કોઈપણ કામો માટે છે કે લીમખેડા સુધી લાંબુ થવું પડતું હોય છે.

**ઘરનો સરસામાન સહિત અનાજ કરિયાણું બળી જતા ભારે નુકસાન**

## ગોવિંદગુરુ લીમડી તાલુકાના સારમારીયા ગામે લાગેલી આગમાં બે મકાનો બળીને ખાખ

(પ્રતિનિધિ) દાહોદ, તા.26
ગોવિંદગુરુ લીમડી તાલુકાના સાર મારિયા ગામે તળ ફળિયામાં પાસ પાસે રહે તા બે સગા ભાઈઓના બે મકાનોમાં આકસ્મિક આગ ફાટી નીકળતા ઘરનો સરસામાન, ફ્રીજ, પંખા, રસોડાનો સરસામાન, રોકડ રકમ, ઘરના લાકડા, ચાંદીના દાગીના, ઘરવખરીનો સરસામાન, તેમજ ઘઉં મકાઈ ડાંગર જેવું અનાજ વગેરે સહિત બંને મકાનો સંપૂર્ણ બળીને ખાક થઈ જતા, આગમાં અંદાજે લાખ્ખો રૂપિયાનું નુકસાન થયાનું જાણવા મળ્યું છે. સદનસીબે આગમાં કોઈ જાનહાનિ થવા પામી નહતી. આગ લાગવાનું સાચું કારણ હજી સુધી જાણવા મળ્યું નથી. પ્રાપ્ત વિગત અનુસાર ગોવિંદગુરુ લીમડી તાલુકાના સારમારીયા ગામે તળ ફળિયામાં રહેતા સુરેશભાઈ હુરસીંગભાઈ ભુરીયા તથા તેના મોટાભાઈ પરેશભાઈ હુરસીંગભાઈ ભુરીયા એમ બંને સગા ભાઈઓ કાળઝાળ ગરમીની સીઝન હોઈ પોતાના પરિવારજનો સાથે ઘરની બહાર ખાટલા ઢાળીને ગઈ કાલે રાતે મીઠી નીંદર માણી રહ્યા હતા તે દરમિયાન મોડી રાત્રિના બે વાગ્યાના સમારે અજવાળું થતા સુરેશભાઈ ભુરીયા અચાનક જાગી ગયા હતા અને જોયું તો બંને ભાઈઓના મકાન સળગી રહ્યા હતા. જેથી તેઓએ પોતાના મોટાભાઈ પરેશભાઈ ભુરીયાને જગાડી આ અંગેની જાણ કરી હતી. આગ અંગેની જાણ થતા જ ફળિયાના લોકો દોડી આવ્યા હતા અને પાણીનો છંટકાવ કરી આગ હોલવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ આગ જોતજોતામાં પ્રચંડ બની હતી. જેથી આ અંગેની જાણ ઝાલોદ ફાયર સ્ટેશનને કરવામાં આવતા ઝાલોદના ફાયર બ્રિગેડના લાસ્કરો ફાયર ફાઈટર સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને પાણીનો સતત મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી આગ ઓલવી નાખી વધુ નુકસાન થતું અટકાવ્યું હતું. પરંતુ આગમાં ઘરનો સર સામાન જેવા કે, ફ્રીજ, પંખા, રસોડાનો સર સામાન, રૂપિયા ૮૦૦૦/- ની રોકડ, ઘરના લાકડાં, ચાંદીના ઘરેણા, ઘરવખરીનો સરસ સામાન, મકાઈ, ઘઉં, ડાંગર જેવા અનાજનો જથ્થો વગેરે સાથે બંને ભાઈઓના બંને ઘરો સંપૂર્ણ બળીને ખાક થયા હતા.

**જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીઓ ફરાર થઇ ગયા હતા**

## કાલોલમાં ઘર પર પથ્થરમારો કરવા બાબતે પૂછવા ગયેલા દંપતી પર લાકડી અને ગડદાપાટુથી જીવલેણ હુમલો

(પ્રતિનિધિ) કાલોલ, તા.26
કાલોલ પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ અનુસાર, વૈભવ લક્ષ્મી સોસાયટીમાં રહેતા અને હાલોલની ખાનગી કંપનીમાં નોકરી કરતા નિલેશકુમાર રમેશભાઈ વણકર ગત ૨૩ મે ૨૦૨૬ના રોજ નોકરી પર ગયા હતા. તે દરમિયાન સવારે અગિયાર વાગ્યાની આસપાસ સોસાયટીમાં જ રહેતા આરોપી રમેશભાઈ મકનભાઈ સોલંકીએ તેમના ઘરના પાછળના ભાગે પથ્થર માર્યા હતા. નિલેશભાઈની પત્ની નિશાબેને ₹પથ્થર કોણ મારે છે, અમને વાગશે₹ તેમ કહેતા આરોપી રમેશભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને હું પથ્થર મારૂં છું, તમારે થાય તે કરી લો તેમ કહી ઘરમાં મારવા દોડી આવ્યા હતા.બપોરે નિલેશભાઈ નોકરી પરથી પરત ફરતા પત્નીએ સમગ્ર હકીકત જણાવી હતી. જેથી દંપતી આ બાબતે વાતચીત કરવા આરોપી રમેશભાઈ સોલંકીના ઘરે ગયું હતું. ત્યાં પૂછપરછ કરતા જ આરોપી રમેશભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને બિભત્સ ગાળો આપી ઘરમાથી લાકડી લઈ આવ્યા હતા.

આરોપીએ નિલેશભાઈને ડાબા કાનના ભાગે લાકડી મારી દીધી હતી. ત્યારબાદ બીજી લાકડી મારવા જતા નિલેશભાઈ બાજુમાં ખસી ગયા હતા, જેના કારણે લાકડી સીધી તેમની પત્ની નિશાબેનના માથાના ઉપરના ભાગે વાગતા ચામડી ફાટી ગઈ હતી અને લોહી વહેવા લાગ્યું હતું. તે જ સમયે આરોપીની પત્ની ધર્મિષ્ઠાબેન સોલંકીએ નિશાબેનને પકડી રાખ્યા હતા અને રમેશભાઈએ તેમને ગડદાપાટુનો માર માર્યો હતો.

નિશાબેનના માથામાંથી અતિશય લોહી નીકળતું જોઈને બંને આરોપીઓ પોતાના ઘરમાં ભરાઈ ગયા હતા. જતાં જતાં આરોપીઓએ ધમકી આપી હતી કે, આજે તો તમે બચી ગયા છો, જો હવે પછી અમારું નામ લેશો તો તમને જાનથી મારી નાખીશું.લોહીલુહાણ હાલતમાં નિલેશભાઈ પોતાની મોટરસાયકલ પર પત્નીને લઈને કાલોલ રેફરલ હોસ્પિટલ પહોંચ્યા હતા, જ્યાં પ્રાથમિક સારવાર બાદ નિશાબેનની સ્થિતિ ગંભીર જણાતા તેમને વધુ સારવાર માટે ૧૦૮ મારફતે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા. પત્નીની સારવારમાં વ્યસ્ત હોવાને કારણે નિલેશભાઈએ ૨૫ મે ૨૦૨૬ના રોજ કાલોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.કાલોલ પોલીસે ફરિયાદી નિલેશકુમાર વણકરની ફરિયાદના આધારે આરોપી (૧) રમેશભાઈ મકનભાઈ સોલંકી અને (૨) ધર્મિષ્ઠાબેન રમેશભાઈ સોલંકી વિરૂદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૧૧૫(2), ૩૫૨, ૩૫૧(2), ૫૪ તથા જી.પી. એક્ટની કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## વેજલપુર ગામે નવા મકાનના આંગણામાંથી મોટરસાયકલની ચોરી થતા નોંધાઈ ફરિયાદ

(પ્રતિનિધિ) કાલોલ, તા.26
ફરિયાદી મોહંમદ સોયેબ અહેમદ ગુંગલા (ઉંમર વર્ષ ૩૧, ધંધોઃ કડીયાકામ, રહે. મોટા ધાંચીવાડા, વેજલપુર) ના જણાવ્યા અનુસાર, ગત તારીખ ૨૧/૦૫/૨૦૨૬ના રોજ તેઓ મજુરી કામેથી પરત ફરીને રાત્રિના આશરે ૨૨:૩૦ વાગ્યે પોતાની મોટરસાયકલ હીરો એચ.એફ. ડિલક્ષ (ગ્રે તથા બ્લેક કલર) રજીસ્ટ્રેશન નંબરઃ GJ-23-DH-164 સ્ટેરીંગ લોક કરીને અલી મસ્જીદ પાસે આવેલા પોતાના નવા મકાનના આંગણામાં મૂકીને સૂઈ ગયા હતા.બીજા દિવસે સવારે ૦૭:૩૦ વાગ્યે જાગીને જોતાં તેમની મોટરસાયકલ ઘટનાસ્થળે મળી આવી ન હતી. વિસ્તારમાં અને ગામમાં શોધખોળ કરવા છતાં બાઈકનો કોઈ પત્તો લાગ્યો ન હતો.

**સ્વચ્છતા જાળવવા માટે કલેકટરે ઉપસ્થિત અધિકારીઓ તથા સ્ટાફને કડક સુચના આપી**

## દાહોદ કલેક્ટર સુરભી ગૌતમ દ્વારા લીમખેડા સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને CMTC સેન્ટરની આકસ્મિક મુલાકાત

(પ્રતિનિધિ) કાલોલ, તા.26
દાહોદ કલેક્ટર સુરભી ગૌતમ દ્વારા લીમખેડા સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને CMTC સેન્ટરની આકસ્મિક મુલાકાત થી હડકંપ મચી જવા પામી હતી આરોગ્ય કેન્દ્ર માં સ્વચ્છતા જાળવવા માટે કલેકટર એ ઉપસ્થિત અધિકારીઓ તથા સ્ટાફ ને કડક સુચના આપી હતી. લીમખેડા તાલુકા મથકે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર તથા CMTC સેન્ટરની જિલ્લા કલેક્ટર સુરભી ગૌતમ દ્વારા આકસ્મિક મુલાકાત લેવામાં આવી હતી.

મુલાકાત દરમિયાન હોસ્પિટલમાં આપવામાં આવતી આરોગ્ય સેવાઓ, દર્દીઓ માટેની સારવાર વ્યવસ્થા, દવાઓની ઉપલબ્ધતા, સ્વચ્છતા તેમજ દર્દીઓને મળતી સુવિધાઓ અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.



CMTC સેન્ટર ખાતે કુપોષિત બાળકોને આપવામાં આવતી સારવાર, પોષણયુક્ત આહાર અને દેખરેખની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી. બાળકોના આરોગ્યમાં સુધારો લાવવા માટે માતા-પિતાને યોગ્ય પોષણ અને આરોગ્ય જાગૃતિ અંગે માર્ગદર્શન આપવામાં આવતું હોવાની કામગીરીને બિરદાવવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર આરોગ્ય સેવાઓમાં ગુણવત્તા જળવાઈ રહે, દર્દીઓને સમયસર અને શ્રેષ્ઠ સારવાર મળે તેમજ હોસ્પિટલમાં સ્વચ્છતા અને સુવિધાઓમાં સતત સુધારો થાય તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.